**વિજયનગર અને પોશીના તાલુકામાં એસ.ટી.ડેપો માટે જમીન સંપાદન**

* 15/4/547 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજયનગર અને પોશીના તાલુકામાં એસ.ટી.ડેપો બનાવવા કેટલી જમીન ફાળવવામાં આવી છે, અને | (૧) | **વિજયનગર** ખાતે બસ સ્ટેશન બનાવવા માટે જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ ૧૭(ક) હેઠળ હેતુફેરથી બજાર કિંમત વસુલાત લઇ ૨૯૫૩ ચો.મી. જમીન મહેસુલ વિભાગ દ્વારા તા.૦૫-૦૧-૨૪ના હુકમથી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને તબદીલ કરવામાં આવેલ છે.<br>ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા જમીન ટોકન ભાડે પ્રાપ્ત કરવામાં આવતી હોઈ સદર જમીન વિના મુલ્યે ફાળવવા અંગેનો સુધારા હુકમ થવા તા.૨૯-૦૧-૨૪ના પત્રથી મહેસુલ વિભાગ ખાતે દરખાસ્ત કરવામાં આવેલ છે.<br><br>**પોશીના** ખાતે બસ સ્ટેશન બનાવવા માટે શિક્ષણ વિભાગ હસ્તકની જગ્યા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને ફાળવવા તા.૨૬-૧૦-૨૧ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ.<br>તાજેતરમાં તા.૦૫-૧૨-૨૩ના પત્રથી શિક્ષણ વિભાગને સદરહું જગ્યા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને ફાળવવા અંગે 'ના વાંધા પ્રમાણપત્ર' આપવા વિનંતી કરવામાં આવેલ છે. |
| (૨) | ઉકત સ્થિતિએ એસ.ટી. ડેપો બનાવવાનું કામ કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે? | (૨) | જમીન ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---